Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સ્ત્રીઓના સાચા સાથી – મહાત્મા ગાંધી

**ડૉ.ઝાકીરહુસેન અમીનભાઈ મનસુરી**

એસો.પ્રોફેસર, એમ.એડ્.કોલેજ, દરામલી તા.-ઇડર જી.-સાબરકાંઠા Mail. - zakirhmt1353@gmail.com મો. - 9376921353, 8200208350

સત્યના માર્ગે ચાલવું અને નીતિ નિયમને અનુસરવું, હાથમાં લીધેલું કામ જાતે જ પૂરું કરવું, બધાથી અલગ કે વિરોધી મત દાખવનાર સાથે સ્વસ્થપણે રહેવું. સત્તા કે સંપત્તિનો વિચાર કર્યા વગર બધા સાથે સમાન રીતે રહેવું. ગરીબો સાથે એકરૂપતા દાખવવી અને કોઈ વિશિષ્ટ ઉદેશ્ય માટે મૃત્યુને સ્વીકારવું. આ જો આધુનિકતાની વિશિષ્ટતા હોય તો ગાંધીજી આધુનિક હતા. આચાર્ય કૃપલાણીનું આ મંતવ્ય ખૂબ પ્રચલિત છે જે આપણને વિચાર કરતા કરી મૂકી દે તેવું છે. તકલીફ એ છે કે વાચકનું મન ગાંધીજી આધુનિક હતા કે નહીં એ પ્રશ્નનો ઉત્તર તો આપે છે સાથે આધુનિકતાની સાચી વ્યાખ્યા પણ આપે છે. તે એમાં કેટલા યોગ્ય છે તે તરફ આગળ વિચારે છે. આનું કારણ મહાત્મા ગાંધી છે તેટલા જ તેમના સાથી આચાર્ય કૃપલાણી પણ છે. ગાંધીજીને સારી રીતે જાણવા અને માણવવા માટે પણ એક ચોક્કસ સ્તરની જરૂરી છે.

આચાર્ય કૃપલાણીએ 'ગાંધીજી અને સ્ત્રીઓ' વિષે એક સુંદર લેખ લખ્યો છે. ગાંધીજી અને સ્ત્રીઓ વિશે ઘણું લખાયું છે અને લખાય પણ છે. જેમાં સ્ત્રીસશક્તીકરણથી લઇ બ્રહ્મચર્યના પ્રયોગો સુધીનું ઘણું બધું આવી જાય છે. એમાંનું ઘણું બહુ છીછરું, વાચાળ અને પૂર્વગ્રહયુક્ત વાળું પણ જોવા મળે છે. વાચકોને પણ અટકવાની કે વિચારવાનો સમય પણ મળતો નથી અને બધો પ્રવાહ ચાલ્યો જાય છે. આવા સમય સંજોગોમાં જરા થોભવાનું મન થાય એવો આ લેખ છે.

મહાત્મા ગાંધી અહિંસામાં માનતા હતા તેથી જીવનના કોઈપણ ક્ષેત્રમાં અસમાનતાના તેઓ વિરોધી હતા. તેથી સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ તફાવત રાખતા ન હતા. ગાંધીજી કહેતા કે મનુના નામે ચડેલું વચન કે 'સ્ત્રીને સ્વાતંત્ર્ય ન હોય' તે એટલું જ બતાવે છે કે એક સમય એવો હતો કે જ્યારે સ્ત્રીના ઘણા બધા અધિકારો છીનવી લેવામાં આવ્યા અને તેને હલકે દરજ્જે ઉતારી પાડવામાં આવી હતી. ગાંધીજીના સમયગાળામાં બાળલગ્નની પ્રથા હતી તેથી બાળવિધવાના પ્રશ્નો પણ હતા. ગાંધીજી એવાં લગ્નોને શરૂઆતથી જ અવગણતા હતા, એટલે કે લગ્ન જ ગણતા ન હતા. તેથી તેઓ કહેતાકે, "બાળવિધવા એ ખરું જોતાં વિધવા જ નથી, એને કુંવારી માનીને જ ચાલવું જોઈએ." આજે આપણે ગૌરક્ષા માટે બૂમો પાડીએ છીએ, પણ ગરીબ ગાય જેવી વિધવાની રક્ષા કરવાની ના પાડીએ છીએ. જેને લગ્નસંસ્કારની જ સમજ ન હોય એવી લાખો દીકરીઓ પર વૈધવ્યનો બોજો નાખીએ છીએ. જે એક અપરાધ છે. આગળ કહે છેકે, "પતિના પ્રેમનો અનુભવ કરી

ચૂકેલી સ્ત્રી ઈચ્છાપૂર્વક વૈધવ્ય સ્વીકારે એ જીવનને માધુર્ય અને ગાંભીર્ય આપનારી વાત છે, પણ ધર્મ અથવા રૂઢિથી બળજબરીથી લદાયેલું વૈધવ્ય પાપ છે.''

ગાંધીજી દહેજપ્રથા જેવો કુરિવાજ નાબૂદ થવો જ જોઈએ એમ માનતા હતા. લગ્ન એટલે માતા-પિતાએ પૈસા માટે કરેલો સોદો એ વિચાર દૂર કરવો જ જોઈએ. આ રિવાજને નાતની પ્રથા સાથે ગાઢ સંબંધ છે. જ્યાં સુધી અમુક નાતમાં કેટલાક યુવક-યુવતીઓમાંથી જ લગ્નની પસંદગીનો સવાલ રહેશે ત્યાં સુધી તમે ગમે તેટલો વિરોધ કરો તોય આ પૈસાના સોદાની પ્રથા રહેવાની જ. એટલે જો આ પ્રથા નિર્મૂળ કરવી હોય તો યુવાનો-યુવતીઓ અથવા માબાપે નાતના વાળાઓમાંથી છુટકારો મેળવવો પડશે અને લગ્નની ઉંમર પણ વધારવી પડશે અને જો વર નથી મળતો તો બ્રહ્મચર્ય પડવની હિંમત રાખવી પડશે. આ પ્રથા સ્ત્રી જાતિનું અપમાન કરે છે. સમાજમાં શિક્ષણની ક્રાંતિથી આવા દુષણો દૂર કરી શકાશે તેવું તેઓ માનતા હતા.

તેમણે પડદા પ્રથાનો પણ આવો જ વિરોધ કર્યો હતો. આ પ્રથાના કારણે સ્ત્રીઓ છૂટથી હરીફરી શકતી નથી અને તેમની પ્રગતિ અને શક્તિ રૂંધાય છે. કૃપલાણીજી કહે છે 'મેં ગાંધીજીને પડદા પ્રથાની સરેઆમ વિરોધ કરતા જોયેલા છે. પડદો પાળતા મુસલમાન કુટુંબોમાં પણ તેઓ સ્ત્રીઓને મળવાનો આગ્રહ રાખતા અને એ બાબતમાં કોઈની ના સાંભળતા નહીં. સ્ત્રીઓ પણ ગાંધીજીને બારણાની તડમાંથી જોવાને બદલે રૂબરૂ જેવા માગતી.' આ સ્ત્રીઓને મળવાની ગાંધીજીને એટલા માટે જરૂર હતી કે તેઓ એમ ઈચ્છતા હતા કે પુરુષોની સાથે સ્ત્રીઓ પણ દેશના સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતમાં ભાગ લે અને એ લડતના જીવંત અંગરૂપ રચનાત્મક કાર્યને આગળ ધપાવે. સ્ત્રીઓને વિકટ પરિસ્થિતિમાં મોકલતા તેઓ અચકાતા નહીં. સ્ત્રી પોતાને અબળા માને તેવું તેઓ ઈચ્છતા ન હતા.

ગાંધીજીએ ભારતની સ્ત્રીઓને આઝાદીની લડતમાં ભાગ લેવા આમંત્રી હતી તેનું કારણ ફક્ત એ જ નહોતું કે તેઓ પુરુષોની સમાન હતી, પણ એનું કારણ એ પણ હતું કે તેમનામાં કેટલાક ગુણો એવા હતા કે જેને કારણે તેઓ અહિંસક યુદ્ધમાં પુરુષો કરતાં ચડિયાતી હતી. અહિંસક યુદ્ધમાં અપાર ધીરજ અને મૂંગે મોઢે સહન કરવાની શક્તિની જરૂર પડે છે. તેઓ કહેતા, 'સ્ત્રી એ અહિંસાની સાક્ષાત્ પ્રતિમા છે. અહિંસાનો અર્થ જ નિરવધિ પ્રેમ અને એવો પ્રેમ એટલે કષ્ટસહનની અસીમ શક્તિ ... એકબીજાનાં પીંછાં ખેંચતી અને અંતરની શાંતિને સારુ તલસતી આજની દુનિયાને શાંતિની કળા શીખવીને પ્રેમનું સુધામૃત પાવા પુરુષ જેવા પુસ્તકિયા જ્ઞાનની નહીં, કષ્ટસહન અને શ્રદ્ધામાંથી નીપજતા સ્ત્રીના દૃઢ હૈયાની જરૂર છે.' ઘરની બેઠક સુધી આવતાં પણ વિચાર કરતી ત્યારની સ્ત્રીઓ જાહેર જીવનમાં અને પુરુષોના સંસર્ગમાં આવવું પડે એવી સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લેતી કેવી રીતે થઈ? એનું કારણ ગાંધીજીનું અણીશુદ્ધ પવિત્ર ચારિત્ર્ય હતું. લડતમાં ભાગ લેતી સ્ત્રીઓ સલામત છે એવો સૌને વિશ્વાસ હતો. પરંતુ જો કોઈ સ્ત્રી

પોતાના શારીરિક બળ પર કે પોતાની પાસેના હથિયાર પર આધાર રાખે તો પોતાનું બળ ખલાસ થતાં તેની હર નક્કી છે એ સમજે તે જરૂરી છે.

ગાંધીજી કહેતા કે સ્ત્રીનું સૌંદર્યપણું તેના ચારિત્ર્યમાં છુપાયેલું છે. 'સ્ત્રીએ પોતાને પુરુષના ભોગનું સાધન માનવાનું છોડી દેવું જોઈએ. જો હું સ્ત્રી હોત તો સ્ત્રીને પોતાનું રમકડું માનનાર પુરુષ સામે જરૂર બંડ પોકારત. જો સ્ત્રીએ સમાન ભાગીદાર બનવું હોય તો તેણે પુરુષને ખાતર, પોતાના પતિને ખાતર સુદ્ધાં શણગાર સજવાની ના પાડવી જોઈએ. તમારે તમારી સુવાસ ફેલાવવી હોય તો તે સૌંદર્ય પ્રસાધનોમાંથી નહીં, તમારાં હ્રદયકુસુમમાંથી ફેલાવવી પડશે. અને તમારાં હ્રદયકુસુમ વિકસશે ત્યારે તમે પુરુષનાં મન હરણ કરતી મટીને મનુષ્યમાત્રનાં મન હરણ કરશો. એ તમારો જન્મસિદ્ધ અધિકાર છે.'

આધુનિક સમાજમાં સ્ત્રીઓના કલ્યાણ માટે ગાંધીજી સિવાય વધારે કોઈએ કઈ કર્યું નથી. સ્વાતંત્ર્યની લડતને કારણે તેમને પોતાની ફરજો બજાવવાનું શક્ય બન્યું અને ફરજ બજાવવાને પરિણામે હક્ક પ્રાપ્ત થતા હોવાથી સ્વાતંત્ર્ય પછી ભારતની સ્ત્રીઓને રાષ્ટ્રના જીવનનાં બધાં ક્ષેત્રોમાં પુરુષોની સાથે સમાન તકો આપવામાં આવી. આ બાબતમાં પુરુષો તરફથી કદી વિરોધ થયો નથી. યુરોપની અને અન્ય દેશોની સ્ત્રીઓને પોતાના અધિકાર મેળવવા લડત આપવી પડી હતી, ભારતની સ્ત્રીઓની બાબતમાં એવું બન્યું નથી.

ગાંધીજી પહેલા પણ સ્ત્રીઓ માટે કામો થયાં હતાં, પણ એમાં સ્ત્રીઓ નબળી છે, એમને મદદની જરૂર છે ને આપણે એમનો ઉદ્ધાર કરવાનો છે એ પ્રકારનો ભાવ હતો. ગાંધીજીએ એ વાતનો છેદ જ ઉડાડી દીધો. એમણે સ્ત્રીઓને પોતાની ક્ષમતાઓ પ્રત્યે જાગૃત કરી અને એનાથી સ્ત્રીઓમાં ગજબનો આત્મવિશ્વાસ અને હિંમત આવ્યાં. એમણે કહ્યું કે 'સ્ત્રી પુરુષની સાથી છે અને તેનામાં પુરુષ જેટલી જ બૌદ્ધિક ક્ષમતા છે'. સ્ત્રી અને પુરુષ બન્ને માટે આ એક નવો દૃષ્ટિકોણ હતો. તેનાથી સ્ત્રીપુરુષસંબંધનો એક નવો આયામ ખૂલ્યો. પણ 'સ્ત્રીને અબળા ગણવી એ ભૂલ છે, અન્યાય છે. જો તાકાતનો અર્થ નૈતિક બળ એવો કરીએ તો સ્ત્રી પુરુષ કરતાં નિ:શંકપણે ચડિયાતી છે', આ વિધાન તો સ્ત્રીને ગાંધીજી પોતાની રીતે જ આપી શકે એવી દેન હતી, છે અને રહેશે.

**સ્ત્રી એ અહિંસાની સાક્ષાત્ પ્રતિમા છે. અહિંસાનો અર્થ જ નિરવધિ પ્રેમ અને એવો પ્રેમ એટલે કષ્ટસહનની અસીમ શક્તિ ... એકબીજાનાં પીંછાં ખેંચતી અને અંતરની શાંતિને સારુ વલખતી આજની દુનિયાને શાંતિની કળા શીખવીને પ્રેમનું સુધામૃત પાવા પુસ્તકિયા જ્ઞાનની નહીં, કષ્ટસહન અને શ્રદ્ધામાંથી નીપજતા દૃઢ હૈયાની જરૂર છે, જે સ્ત્રી પાસે છે. –મહાત્મા ગાંધી**